# પ્રકરણ–૧૩

## પશુપાલન ક્ષેત્રે કચ્છ જીલ્લો વિકાસનાં પંથે

ગુજરાત રાજય દૂધ ઉત્પાદનમાં દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ડેરી ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં મોડેલ રાજય તરીકે ઉભરી આવેલ છે. આમાં પશુપાલનની મહત્વની ભુમિકા રહેલી છે. ગુજરાત રાજયના અન્ય જિલ્લાની સરખામણીમાં કચ્છ જિલ્લો વિસ્તારની રીતે સૌથી વિશાળ છે. કચ્છ જિલ્લાનો મુખ્ય વ્યવસાય પરંપરાગત રીતે ખેતી અને પશુપાલનનો રહયો છે. ખેતીના પુરક વ્યવસાય તરીકે પણ પશુપાલનનો સ્વીકાર થયેલો છે.

કચ્છ જીલ્લો વિપુલ જૈવ વિવિધતા અને બહોળુ પશુધન ધરાવતો જીલ્લો છે. આ વિસ્તારની પોતાની કહેવાય તેવી, ખુબજ અગત્યની પશુધનની ઓલાદો અહીં સચવાયેલ છે. જેમાં કચ્છી, સિંધણ કે બન્ની તરીકે ઓળખાતી ભેંસ, કાંકરેજ ગાય, કચ્છી બકરાં, કચ્છી અને ખારાઇ ઊંટ તેમજ કચ્છી સિંધી અશ્વો મુખ્ય છે.

ગાય વર્ગના પશુઓમાં સુપ્રસિધ્ધ એવી કાંકરેજ ગાયનો ઉછેર ખુબજ મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. કાંકરેજ બળદ તેની સવાઈ ચાલ, ભારવહન ક્ષમતા તેમજ ગરમ હવામાન માં તેની કામ કરવાની ક્ષમતા માટે મશહુર છે. ખેતીમાં યાંત્રિકરણ અને ટ્રેક્ટર નો વપરાશ પ્રચલિત થયા છતાં હજુ કચ્છના કાંકરેજ બળદની માંગ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં પણ છે.

ભેંસ વર્ગમાં કચ્છના બન્ની વિસ્તારની બન્ની ભેંસ તેના વધુ દૂધ ઉત્પાદન અને દૂધમાં વધુ ફેટ માટે જાણીતી છે. જે અન્ય નામ જેવાકે સિંધી, કુંઢી તથા કચ્છી ભેંસ તરીકે ગુજરાતના અન્ય વિસ્તારોમાં જાણીતી છે. ભેંસની બન્ની ઓલાદને ભારતની ભેંસોની ૧૧ મી ઓલાદ તરીકે સ્થાન મળેલ છે.

તેજ પ્રમાણે કચ્છનાં ખારાઇ ઊંટને પણ ઊંટની અલગ ઓલાદ તરીકેની તેમજ કચ્છી-સિંધી અશ્વોને અશ્વની અલગ ઓલાદ તરીકેની રાષ્ટ્રિય માન્યતા NBAGR (National Bureau of Animal Genetic Resources) દ્વારા મળેલ છે.

રાજ્ય સરકાર દ્વારા કચ્છ જીલ્લામાં પશુપાલન પ્રવૃતિને વેગ આપવા માટે રૂ. ૨૩.૫૦ કરોડનાં ખર્ચે મુંદ્રા રોડ ખાતે કાંકરેજ ગાય માટેનું પશુ ઉછેર કેન્દ્ર, રૂ. ૧૯.૫૦ કરોડનાં ખર્ચે બન્ની ભેંસ માટે ભેંસ ઉછેર કેન્દ્ર (Banni Buffalo Bull Mother Farm) (એર પોર્ટ રોડ પર) તેમજ રૂ. ૪.૫૦ કરોડનાં ખર્ચે મરઘાં વિસ્તરણ કેન્દ્ર (એર પોર્ટ રોડ પર) નું નવિન બાંધકામ મંજુર કરી તેની ગ્રાન્ટ ફાળવી દેવાયેલ છે. અને કામ પુર્ણ થવા પર છે.

કચ્છ જીલ્લામાં દૈનિક ધોરણે અંદાજે ૧૪.૫૦ લાખ લીટર જેટલુ દુધ ઉત્પાદનની ક્ષમતા રહેલી છે.

વર્ષ ૨૦૦૯ થી કચ્છ જીલ્લામાં સહકારી ધોરણે સરહદ ડેરી ચાલુ થઇ. શરૂઆતમાં રોજનું માત્ર ૨૦,૦૦૦ લિટર દૂધ એકત્રીકરણ કરતી સરહદ ડેરી જિલ્લા માં ૬૯૧ સહકારી દૂધ ઉત્પાદક મંડળીઓ/મંડળો દ્વારા દૈનિક મહત્તમ ૪.૮૫ લાખ લિટર દૂધ એકત્રીકરણ સુધી પહોંચી છે અને વાર્ષિક અંદાજે ૪૦૦ કરોડ રૂપિયાનું પશુપાલકો ને ચૂકવણુ કરે છે.

બન્ની વિસ્તારમાં પશુપાલન પ્રવૃતિને પ્રોત્સાહન આપવા માટે બન્ની પશુ મેળાનું આયોજન કરવા માટે દર વર્ષે રૂ. ૫ લાખ જેટલી સહાય રાજ્ય સરકારનાં પશુપાલન વિભાગ તરફથી આપવામાં આવે છે.

**૧૯ મી પશુધન વસ્તી ગણતરી વર્ષ૦ા ૨૦૧૨ મુજબ કચ્છના પશુધનની વસ્તી આ પ્રમાણે છે.**

| | | |
|---|---|---|
| ગાય વર્ગ – ૫,૮૩,૪૨૦ | ભેંસ વર્ગ - ૩,૭૫,૪૦૯ | ઊંટ- ૭,૯૬૭ |
| ઘેટાં - ૫,૧૫,૯૧૨ | બકરાં - ૪,૦૧,૨૯૬ | **કુલ** – ૧૮,૯૬,૪૯૧ |

કચ્છ જિલ્લાનું પશુધન ગુજરાતના કુલ પશુધનના ૭ % જેટલુ થાય છે. ગાય-ભેંસ વર્ગના પશુઓને ગણતરીમાં લેતાં બનાસકાંઠા, સાબરકાંઠા બાદ કચ્છ જિલ્લો ત્રીજા નંબરે છે.

વર્ષ ૨૦૧૨ માં થયેલ પશુ ધન વસતિ ગણતરી અનુસાર વર્ષ ૨૦૦૭ ની સરખામણી એ ગાય વર્ગનાં પશુઓમાં ૫૦.૦૯% અને ભેંસ વર્ગનાં પશુઓમાં ૬૬.૧૨% જેટલો ધરખમ વધારો નોંધાયો છે. સામે,ઘેટાં અને બકરાંની વસતિમાં અનુક્રમે ૧૦.૨૮ અને ૧૭.૨૬% જેટલો ઘટાડો નોંધાયો છે. આમ જીલ્લામાં દુધ ઉત્પાદન લક્ષી પશુપાલન માં વધારો થયો છે.

કચ્છ જીલ્લામાં ખાનગી ધોરણે તેમજ ડેરી સંઘ મારફતે ઉપલબ્ધ પશુ સારવાર સુવિધાઓ મર્યાદિત છે ત્યારે જીલ્લા પંચાયત સંચાલિત કુલ ૩૨ પશુ દવાખાના , ૪ ફરતા પશુ દવાખાના અને ૨૯ પ્રાથમિક પશુ સારવાર કેંદ્રો જીલ્લા નાં પશુપાલકોને સતત ઉપયોગી થાય છે.

રાજ્ય સરકાર ની "૧૦ ગામ દીઠ ૧ મોબાઈલ પશુ દવાખાના"ની યોજનાનું રાજ્ય કક્ષાનું લોકાર્પણ ગત તા. ૩૧ ડીસેમ્બર-૨૦૧૫ નાં વેકરીયા રણ ખાતે આયોજીત રવી કૃષિ મહોત્સવ કાર્યક્રમ દરમ્યાન કરવામાં આવ્યું હતું. હાલ આ યોજના હેઠળ કુલ ૧૮ નવા મોબાઈલ પશુ દવાખાના જીલ્લામાં મંજુર થઈ ચુકેલ છે. તેમજ પ્રતિ વર્ષ આ યોજના હેઠળ વધુ ને વધુ નવા મોબાઈલ પશુ દવાખાનાઓ શરૂ કરવાનું આયોજન છે.

પશુ સારવાર કેમ્પો, પશુ આરોગ્ય મેળાઓ,પશુ ઉત્પાદકતા વૃદ્ધિ શિબીરો, પશુપાલન શિક્ષણ શિબીરો, વિવિધ રોગ સામે રસીકરણ ઝૂબેશો તેમજ ઘેટા બકરામાં કૃમિનાશક દવા પીવડાવવાનાં કેમ્પો, ઊંટોમાં ખાજી ફિટોડા વિરોધી સારવારનાં કેમ્પો તેમજ પશુપાલકોને ઘર આંગણે પશુ સારવારની સુવિધાઓ, રોગચાળા કે પોઈઝનીંગ સમયે નિદાન અને સારવાર,પોસ્ટ મોર્ટમ,પશુઓનાં આરોગ્ય પ્રમાણપત્રો આપવા, કૃત્રિમ બીજદાન અને પશુ સંવર્ધન ની તમામ કામગીરી જીલ્લા પંચાયતનાં દવાખાનાઓ મારફતે થાય છે. તે ઉપરાંત સરકારની વિવિધ સહાય યોજનાઓનું અમલીકરણ પણ આ દવાખાનાઓ મારફતે થાય છે.

કચ્છ જીલ્લામાં હાલ જીલ્લા પંચાયત સંચાલિત ૩૬ પશુ દવાખાના/ફરતા પશુ દવાખાનામાં કુલ ૧૦ પશુ ચિકિત્સા અધીકારીઓ અને ૨૯ પ્રાથમિક પશુ સારવાર કેંદ્રો ખાતે ૧૦ પશુધન નિરિક્ષકો કાર્યરત છે.

ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન- પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ જીલ્લામાં હાલ માંજ ૧૦ જેટલા ફરતા પશુ દવાખાના તેમજ ૫૦ કૃત્રિમ બીજદાન કેન્દ્રો શરૂ કરાયેલ છે. જેમાં હાલ ૧૦ પશુ ચિકિત્સકો તેમજ ૪૫ જેટલા કૃત્રિમ બીજદાન કાર્યકરો ફરજ બજાવે છે.

## વર્ષ ૨૦૧૭-૧૮ માં જીલ્લા પંચાયત, કચ્છ દ્વારા કરવામાં આવેલ તાંત્રીક કામગીરી

| અ.નં. | કામગીરીનીવિગત | જીલ્લાનો લક્ષ્યાંક | સિદ્ધિ |
|---|---|---|---|
| ૧. | પશુ સારવાર | - | ૧૪૪૬૮૮ |
| ૨. | ખસીકરણ | ૬૬૦૦ | ૧૧૭૭૯ |
| ૩. | કૃત્રીમ બીજદાન | ૮૪૦૦ | ૮૭૧૨ |
| ૪. | પશુ આરોગ્ય મેળા | ૧૭૮ | ૧૭૮ |
| ૫. | પશુ આરોગ્ય મેળા – સારવાર | ૧૭૮૦૦ | ૧૧૮૧૫૬ |
| ૬. | પશુ ઉત્પાદકતા વૃધ્ધિ શિબીર | ૩૭ | ૩૭ |
| ૭. | પશુ ઉત્પાદકતા વૃધ્ધિ શિબીર- સારવાર | ૩૭૦૦ | ૮૩૦૫ |
| ૮. | ઊંટોમાં એન્ટીસરા સારવાર | ૭૦૦૦ | ૫૯૮૦ |
| ૯. | આર.કે.વી.વાય. આંતર બાહ્ય પરોપજીવી નિયંત્રણ | ૧૦૦૦૦૦ | ૧૨૭૨૭૫ |
| ૧૦. | ઘેટાં-બકરાંમાં ડ્રેન્ચીંગ | ૩૩૫૦૦૦ | ૧૧૯૧૫૭૩ |
| ૧૧ | પશુ રસીકરણ | ૨૪૬૫૦૦ | ૧૯૪૮૧૧૨ |
| ૧૨. | નમુના તપાસણી | ૮૪૦૦ | ૯૫૧૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. | તાલુકા કક્ષા પશુપાલન શિબીર | ૧૦ | ૧૦ |
| ૧૪. | જીલ્લા કક્ષા પશુપાલન શિબીર | ૨ | ૨ |
| ૧૫. | જુથ સભા | ૭૩૨ | ૭૫૬ |
| ૧૬. | પશુ પ્રદર્શન | - | ૧૪ |
| ૧૭. | પશુધન મોજણી | ૪૬ | ૪૬ |
| ૧૮. | પોસ્ટમોર્ટમ | - | ૬૪૨ |
| ૧૯. | હેલ્થ સર્ટીફિકેટ | - | ૧૯૭૮ |

## વર્ષ ૨૦૧૭-૧૮ માં જીલ્લા પંચાયત, કચ્છ દ્વારા કરવામાં આવેલ યોજનાકીય કામગીરી

| અ. નં. | કામગીરીની વિગત | નાણાંકીય લક્ષ્યાંક | નાણાંકીય સિદ્ધિ | ભૌતિક લક્ષ્યાંક | ભૌતિક લક્ષ્યાંક |
|---|---|---|---|---|---|
| ૧. | બકરાં એકમ (૧૦+૧) ની સ્થાપના માટે સહાય (અ.જાતિ) | ૬૦,૦૦૦ | ૬૦,૦૦૦ | ૨ | ૨ |
| ૨. | બકરાં એકમ (૧૦+૧) ની સ્થાપના માટે સહાય (સામાન્ય) | ૩,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૧૦ | ૧૦ |
| ૩. | વિદ્યુત સંચાલિત ચાફકટર અનુસુચિત જાતિ | ૩૩૦૦૦૦ | ૩૩૦૦૦૦ | ૨૨ | ૨૨ |
| ૪. | વિદ્યુત સંચાલિત ચાફકટર જનરલ કેટેગરી | ૧૦૯૫૦૦૦ | ૧૦૯૫૦૦૦ | ૭૩ | ૭૩ |
| ૫. | શુધ્ધ સંવર્ધન દ્વારા ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકો માટે પ્રોત્સાહક યોજના | ૩૬૯૦૦૦ | ૩૬૯૦૦૦ | ૧૨૩ | ૧૨૩ |
| ૬. | ગ્રામ્ય દુધ સહકારી મંડળીઓને બલ્ક મિલ્ક કુલર માટે સહાય | ૩૧૪૧૧૭૩ | ૩૧૪૧૧૭૩ | ૩ | ૩ |
| ૭. | ગ્રામ્ય દુધ સહકારી મંડળીઓને ઓટોમેટિક મિલ્ક કલેક્શન સિસ્ટમ માટે સહાય | ૧૦૪૦૦૦૦ | ૧૦૪૦૦૦૦ | ૧૩ | ૧૩ |
| ૮. | ગ્રામ્ય દુધ સહકારી મંડળીઓને દુધ ભેળસેળ ચકાસણી યંત્ર માટે સહાય | ૩૨૮૪૯૫ | ૩૨૮૪૯૫ | ૪ | ૪ |
| ૯. | મિલ્કીંગ મશીન સહાય | ૬૪૨૬૦૦ | ૬૪૨૬૦૦ | ૨૦ | ૨૦ |
| ૧૦. | પશુ વિમા સહાય | ૩૧૬૯૬૨ | ૩૧૬૯૬૨ | ૨૮૫ પશુઓ | ૨૮૫ પશુઓ |
| ૧૧ | ૧ થી ૨૦ દુધાળા પશુ એકમની સ્થાપના માટે ૧૨ % વ્યાજ સહાય- જનરલ કેટેગરી | - | - | - | ૮૯ |
| ૧૨. | ૧ થી ૨૦ દુધાળા પશુ એકમની સ્થાપના માટે ૧૨ % વ્યાજ સહાય - એસ.સી. કેટેગરી | - | - | - | ૨ |
| ૧૩. | એક થી ચાર દુધાળા પશુઓના ફાર્મની સ્થાપના માટે વ્યાજ સહાયની યોજના | - | - | - | ૨ |

## પશુપાલનખાતા સિવાયની યોજનાઓનું માહિતી દર્શાવતું પત્રક વર્ષ ૨૦૧૭-૧૮

| અ.નં. | યોજનાનું નામ | નાણાકીય | | ભૌતિક | | યોજનાની ટૂંકી વિગત |
|---|---|---|---|---|---|---|
| | | લક્ષ્યાંક | સિધ્ધિ | લક્ષ્યાંક | સિધ્ધિ | |
| ૧ | જિલ્લાપંચાયત સ્વ ભંડોળ | | | | | |
| ૧.૧ | દૂધાળા પશુ હરીફાઈ | ૩૦૦૦૦ | ૩૦૦૦૦ | ૬ | ૬ | બન્ની ભેંસ તેમજ કાંકરેજ ગાય વર્ગના પશુઓના પશુપાલકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. |
| ૧.૨ | પશુરોગ સારવાર માટે બાહ્ય પરોપજીવી નિયંત્રણ | ૧૪૦૦૦૦૦ | ૧૩૯૯૯૯૨ | | | ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન પશુસારવાર કેમ્પોનું આયોજન કરવામાં આવશે. |
| ૧.૩ | ઊંટ વર્ગના પ્રાણીઓમાં ખાજી અને ચકરી વિરોધી સારવાર | ૩૦૦૦૦૦ | ૨૯૯૯૯૪ | ૮૮૦ | - | ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન ઊંટ સારવાર કેમ્પોનું આયોજન કરવામાં આવશે. |
| ૧.૪ | યંત્ર સાધન સામગ્રી ખરીદી | ૨૫૦૦૦૦ | ૨૪૨૧૫૦ | - | - | ૫ (પાંચ) કમ્પ્યુટર સેટ ખરીદ કરવામાં આવેલ છે. |
| ૨ | જીલ્લા પંચાયત સ્ટેમ્પ ડ્યુટી ગ્રાન્ટ | | | | | |
| ૨.૧ | પશુરોગનિદાન સારવાર કેમ્પ માટે દવા ખરીદી | ૫૦૦૦૦૦ | ૫૦૦૦૦૦ | - | - | ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન પશુસારવાર કેમ્પોનું આયોજન કરવામાં આવશે. |
| ૩ | વિકાસશીલ તાલુકા રાપર અને લખપત | | | | | |
| ૩.૧ | ફરતું પશુદવાખાનું કમ એમ્બ્યુલન્સ વાહન ખરીદી | ૧૩૦૦૦૦૦ | ૧૩૦૦૦૦૦ | ૨ | ૨ | વિકાસશીલ તાલુકા રાપર અને લખપત બંન્ને માટે એક-એક મોબાઈલ વાહનની ખરીદી કરવામાં આવેલ છે. |
| કુલ | | ૩૭૮૦૦૦૦ | ૩૭૭૨૧૩૬ | | | |

## પશુપાલન શાખાની સ્ટાફની અંતિત માહિતી દર્શાવતું પત્રક (વર્ષ ૨૦૧૭-૧૮)

| ક્રમ | સંવર્ગ | ૨૦% કાપ બાદ મંજુર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | નાયબ પશુપાલન નિયામક | ૧ | ૧ | ૦ |
| ૨ | મદદનીશ પશુપાલન નિયામક | ૧ | ૦ | ૧ |
| ૩ | સી. ક્લાર્ક (વહિવટી) | ૧ | ૧ | ૦ |
| ૪ | સી. ક્લાર્ક (હિસાબી) | ૧ | ૧ | ૦ |
| ૫ | જુ. ક્લાર્ક | ૨ | ૦ | ૨ |
| ૭ | ડ્રાઈવર | ૧ | ૧ | ૦ |
| ૮ | પટાવાળા | ૨ | ૨ | ૦ |
| કુલ | | ૯ | ૬ | ૩ |